ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૨૭ ટકા

# પ્લાસ્ટ ઈન્ડિયાને પગલે ખાણીપીણીના વેપારીઓને કમાણી

## ખાણીપીણીની લારીઓ અને ખૂમચાંવાળાઓના એક્ઝિબીશન વિસ્તારમાં અડિંગા : વહેલી સવારથી મોડી સાંજ સુધી ધમધમતા વેપાર

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના સેકટર-૧૭માં એક્ઝિબીશન ગ્રાઉન્ડ ખાતે આયોજિત વિશ્વના ત્રીજા સૌથી મોટી પ્રદર્શન પ્લાસ્ટ ઈન્ડિયાને પગલે શહેરીજનો ટ્રાફિક જામ સહિતની પારાવાર મુશ્કેલીનો અનુભવ કરી રહ્યા છે તો બીજી તરફ આ એક્સ્પોના કારણે અનેક શહેરના નાના-મધ્યમ વેપારીઓ રોજી રોટી પણ રળી રહ્યા છે. પ્લાસ્ટ ઈન્ડિયામાં ઉમટતી મેદનીના પગલે શહેરના ખાણીપીણીની લારી તથા ખૂમચાંવાળા ઉપરાંત ઓટો રીક્ષા ચાલકોને બખ્ખાં થઈ જવા પામ્યા છે. શહેરમાં ચ માર્ગ અને ઘ માર્ગ પર ફરતાં ઓટો રીક્ષા ચાલકોએ તો તેમના ભાડામાં બે થી ત્રણ ગણો હંગામી વધારો પણ વસુલવા માંડયો છે.

પ્લાસ્ટ ઈન્ડિયાના આયોજકોનો દાવો છે કે આ વખતના એક્ઝિબીશનમાં બે લાખ મુલાકાતીઓ મુલાકાત લેશે અને તે મુજબ આયોજન તથા પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો છે. આયોજકોની અપેક્ષા મુજબ જ પ્રથમ બે દિવસે મુલાકાતીઓ મોટી સંખ્યામાં ઉમટી પડયા છે. આ ઉપરાંત એક્ઝિબીશનમાં ૨ હજાર જેટલા એક્ઝિબીટર્સ અને ૫૦ દેશોના પ્રતિનિધિઓ સહિત મોટી સંખ્યામાં આયોજનને આનુષંગિક સ્ટાફ વગેરે સાથે જાણે માનવ મહેરામણ ઉમટી પડયો છે. આ માનવ મહેરામણને પગલે શહેરના ખાણીપીણીના નાના તથા મધ્યમ કદના વેપારીઓ માટે જાણે 'સીઝન' ખુલી હોય તેવી સ્થિતિ પ્રાપ્ત થઈ છે. સે-૧૭માં એક્ઝિબીશન ગ્રાઉન્ડની આસપાસના તમામ વિસ્તારમાં વિવિધ ખાણીપીણીની લારીઓ પરોઠા શાક, પીઝા, મેગી, ભાજીપાઉં, વડાપાઉં, દાબેલી, બટાકાપૌંઆ, પાણીપુરી, ચાટ, સમોસા, કચોરી, પુલાવ, મન્ચુરિયન, છોલે-ભટૂરે, ઢોંસા, હક્કાનુડલ્સ, ફાફડા-જલેબી જેવી વાનગીઓ પીરસી રહી છે. આ ઉપરાંત મોટી સંખ્યામાં ચણાચોરગરમના ખૂમચાં કે કાવડ લઈને ફરતા ફેરિયા પણ આ આધુનિક વ્યાપાર મેળાનો લાભ ઉઠાવી રહ્યા છે. મોટા ભાગના આ વેપારીઓ સતત ઘરાકીમાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે અને વહેલી સવારથી મોડી રાત્રિ સુધી તેમના વેપાર ધુમ ઘરાકી મેળવી રહ્યા છે. અનેક ખાણીપીણીના વેપારીઓએ તેમની નિયમિત ધંધાની જગ્યા છોડી સે-૧૭ કે ચ-રોડ અથવા ટાઉનહોલ કે લાયબ્રેરી સંકુલમાં અડિંગો જમાવ્યો છે અને કારીગરોને એડવાન્સ તથા વધુ મહેનતાણું ચુકવીને ધંધાના ખરા સમયે નખરાં ના કરે તે માટે આગોતરી વ્યવસ્થા કરી છે. એકંદરે પ્લાસ્ટ ઈન્ડિયા ખાણીપાણીના વપારીઓને ખૂબ ફળી રહ્યો છે.



### ઠંડીની ઋતુ હોવાથી ચાનો ખૂબ ઉપાડ

શિયાળાનો સમય ચાલતો હોવાથી સામાન્ય કરતા ચાની માંગ વધુ રહે છે. પ્લાસ્ટ ઈન્ડિયામાં ઉમટેલા માનવ મહેરામણ પણ આટલા વિશાળ પ્રદર્શન ફરતા આવેલો કંટાળો બહાર આવી ચા પીને દૂર કરવા પ્રયત્ન કરે છે તેથી એક્ઝિબીશન આસપાસના વિસ્તારમાં અઢળક ચાની કિટલીઓ વાળાના અડિંગા જોવા મળી રહ્યા છે. શહેરમાં દૂધના વેચાણમાં પણ વધારો જોવા મળ્યો છે.

### રીક્ષાચાલકોએ ભાડાં વધાર્યા

પ્લાસ્ટ ઈન્ડિયાને પગલે શહેરના ઓટો રીક્ષા ચાલકો પણ ગેલમાં છે. મોટા ભાગના રીક્ષા ચાલકો પ્રદર્શનના ગેટની આસપાસમાં જ મંડરાયેલા જોવા મળે છે અને તેમણે રીક્ષાના ભાડામાં પણ બમણાંથી ત્રણ ગણો વધારો કર્યો છે. ઘ રોડ અને ચ રોડ પર ફરતી શટલિયા રીક્ષાના ચાલકો પણ રૂ. ૧૦ના અત્યારે રૂ. ૩૦ સુધી વસુલી રહ્યા છે.

## આઈઆઈટી ગાંધીનગરના બે વિદ્યાર્થીઓને પ્રતિષ્ઠિત ફુલબ્રાઈટ સ્કોલરશીપ





ગાંધીનગર, તા.૮

ગાંધીનગર ખાતેની આઈઆઈટી દિન પ્રતિદિન નવા મુકામ હાંસલ કરતી જાય છે. આઈઆઈટી ગાંધીનગરના બે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને તેમના સંશોધનાત્મક પ્રોજેકટસને આધારે પ્રતિષ્ઠિત ફુલબ્રાઈટ નેહરુ ડોકટોરલ રીસર્ચ ફેલોશીપથી સન્માનવામાં આવ્યા છે.

ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી ખાતે પી.એચ.ડી.નો અભ્યાસ કરતા બે વિદ્યાર્થીને ફુલબ્રાઈટ સ્કોલરશીપ પ્રાપ્ત થઈ છે તેમાં કેમિકલ બાયોલોજીના વિદ્યાર્થી સિધ્ધાંત ભોઈર અને બાયોલોજીકલ એન્જિનીયરીંગની વિદ્યાર્થીની નલિની નટરાજનનો સમાવેશ થાય છે. સિધ્ધાંત ભોઈર આઈઆઈટી ખાતે પ્રો. શિવપ્રિયા કિરુબાકરનના માર્ગદર્શન અંતર્ગત તેમનું સંશોધન કાર્ય કરી રહ્યા છે. તેઓ કેન્સર સંબંધી પ્રોટેન્સની કેમિકલ બાયોલોજી ક્ષેત્રે ડીએનએ ડેમેજ રિસ્પોન્સ પાથવે પર ટીએલકે-૧ ટેકનોલોજી પર સંશોધન કરી રહ્યા છે. આ સંશોધન પત્ર આગામી દિવસોમાં કેન્સરની વધુ સારી સારવાર માટે ખુબ ઉપયોગી સાબિત થશે જે કિફાયતી હોવા સાથે ઓછી આડ અસર ધરાવતી હશે. આઈઆઈટીજીની વિદ્યાર્થીની નલિની નટરાજન વર્ષ ૨૦૧૪થી પ્રો. વિજય થીરુવેંકટમના માર્ગદર્શન હેઠળ તેમનું સંશોધન કાર્ય કરી રહ્યા છે. તેઓ એકસરે ક્રિસ્ટોલોગ્રાફીના ઉપયોગ વડે પ્રોટિન્સનું માળખાકીય પૃથ્થકરણ કરી રહ્યા છે. બંને તેજસ્વી વિદ્યાર્થીઓને તેમના સંશોધન કાર્ય માટે નેહરુ ડોકટોરલ રિસર્ચ ફેલોશીપ અંતર્ગત પ્રતિષ્ઠિત ફુલબ્રાઈટ સ્કોલરશીપ માટે પસંદ કરાતા સમગ્ર આઈઆઈટીજી પરિવારમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે.

## પ્રાગદાસબાપાની રામવાડી ખાતે મહાશિવરાત્રી મહોત્સવ યોજાશે

ગોદડીયા પરંપરાના પરમ પૂજય પ્રાગદાસ બાપાની રામવાડી અન્નક્ષેત્રે ટ્રસ્ટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે ૫૯મા મહાશિવરાત્રી મહોત્સવનું આયોજન ૯મી ફેબ્રુઆરીથી ૧૩મી ફેબ્રુઆરી સુધી જૂનાગઢ ખાતે કરવામાં આવ્યું છે. ગોદડીયા પરંપરામાં લેવા કરતાં આપવાના મહ્ત્વને સાર્થક ગણવામાં આવે છે. ૫૯મો મહાશિવરાત્રી મહોત્સવ જૂનાગઢ ખાતે ગિરનાર રોડ પર આવેલી પ્રાગદાસબાપા ગોદડીયાની રામવાડી નં. ૧ ખાતે યોજાશે. જેમાં શિવભકતોને ભગવાન શિવજીના શિવાનંદને માણવા માટે સહકુટુંબ પધારવા મેનેજીંગ ટ્રસ્ટી એન.પી. પટેલ દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે. પ્રાગદાસ બાપાની રામવાડી અન્નક્ષેત્રે ટ્રસ્ટ દ્વારા વિવિધ સમાજ સેવાના કાર્યો કરવામાં આવે છે. જેમાં સહભાગી થવા માટે ભકતો સે-૨૮માં વેસ્ટર્ન એગ્રી સીડસ લિમિટેડ ખાતે દાન આપી શકશે.

### @ગાંધીનગર

● કુડાસણ ખાતે ઉર્જાનગર વિભાગ-૨, પ્રતિક મોલની પાછળ, રાત્રે ૮ કલાકે ભારતીબાપુની વ્યાસપીઠે ગીરીશ ઉપાધ્યાયના નિવાસસ્થાને સુંદરકાંડના પાઠ યોજાશે.

### વાતવાતમાં

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગાયનેક વિભાગના હેડ તથા સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડૉ. બિપિન નાયક ઓપીડીમાં હાજર રહ્યા હતા. ડૉ. નાયકે ઓપીડીમાં દર્દીઓને તપાસ્યા હતા.

● જેમ જેમ વેલેન્ટાઈન ડે નજીક આવતો જાય છે તેમ તેમ શહેરના યુવા વર્ગમાં તેની ઉજવણી માટેનો થનગનાટ વધતો જોવા મળે છે. વેલેન્ટાઈન ડે અગાઉ યુવાનો દ્વારા રોઝ ડે, પ્રપોઝ ડે જેવા વિવિધ ડેઝ ઉજવવામાં આવી રહ્યા છે.

## ભાટ પાસે રસ્તો ઓળંગી રહેલા યુવાનને ટેન્કરે કચડી નાંખ્યો

### મધર ડેરી બહાર અંબાપુરના બે યુવા મિત્રો બાઈક લઈને પીઝા લેવા ગયા હતા ટ્રાફીકને કારણે હાઈવે પર બાઈક પરથી યુવાન ઉતર્યો અને રસ્તો ઓળંગીને પીઝા લેવા જતો હતો : ટેન્કર ચાલકની ધરપકડ

ગાંધીનગર, તા.૮

અડાલજ નજીક આવેલા અંબાપુર ગામના બે યુવાન મિત્રો બાઈક લઈને ભાટ પાસે મધર ડેરી ખાતે પીઝા લેવા જવા નીકળ્યા હતા. એપોલો સર્કલથી ઈન્દિરાબ્રીજ વચ્ચે ટ્રાફીક વધુ હોવાથી મધર ડેરી સામેના રોડ પર બાઈક પાછળ બેઠેલો યુવાન મિત્ર ઉતરીને રોડ ક્રોસ કરી પીઝા લેવા જતો હતો ત્યારે બેફામ ગતિએ નીકળેલા ટેન્કર ચાલકે તેને અડફેટે લઈને કચડી નાંખ્યો હતો. આ ઘટનામાં યુવાનનું સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. ભાગી ગયેલા ટેન્કર ચાલકને અડાલજ પોલિસે પકડી પાડી ઘટનાની વધુ તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ છઠ્ઠી ફેબ્રુઆરીએ સાંજના અરસામા અંબાપુર ગામના બે યુવાન મિત્રો દિનેશજી ઠાકોર અને રમેશજી છનાજી ઠાકોર બાઈક લઈને ભાટ પાસે મધર ડેરી ખાતે પીઝા લેવા જવા નીકળ્યા હતા. દિનેશજી બાઈક ચલાવી રહ્યો હતો અને રમેશજી બાઈકની પાછળ બેઠો હતો. એપોલો સર્કલ વળાવીને ઈન્દિરાબ્રીજ તરફ બાઈક ફેરવ્યું ત્યારે ટ્રાફીક જામ હતો. પાછળ બેઠેલા ૩૦ વર્ષીય રમેશજીએ દિનેશજીને કહ્યું કે હું ઉતરી જાઉં છું અને પીઝા પાર્સલ કરાવી રાખું છું ત્યાં સુધી હાઈવે ઓળંગીને કટ પાસેથી દિનેશને વળાંક લઈ મધર ડેરીએ આવવાનું કહ્યું હતું. રમેશ બાઈક પરથી ઉતરીને જેવો રસ્તો ક્રોસ કરવા નીકળ્યો ત્યાં મારફાડ આવતા એમ.એચ. ૦૪ એચ.જે. ૦૩૯૦નંબરના ટેન્કરે રમેશને કચડી નાંખી મોતને ઘાટ ઉતારી દીધો હતો. ટેન્કર લઈને ભાગી રહ્યો હતો ત્યાં જ દિનેશે તેનો પીછો કર્યો અને રસ્તામાં પીસીઆર દેખાતા ટેન્કર ચાલક અકસ્માત કરીને ભાગ્યો હોવાની વાત કરી હતી. પીસીઆર લઈને ટેન્કરનો પીછો કરતા ટેન્કર મુકી ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. તો બીજી તરફ દિનેશની ફરિયાદ લઈ રમેશજીનો મૃતદેહ પીએમ કરાવી અડાલજ પોલિસે ટેન્કર ચાલકની ધરપકડ માટે તજવીજ શરુ કરી હતી. ગઈ કાલે ડ્રાઈવર અમિત શિવપ્રસાદ પાંડે (રહે. મુંબઈ, મુળ રહે. યુ.પી.)ને પકડી પાડી વધુ તપાસ આરંભી છે.



ગાંધીનગર પ્રગતિ લારી પાથરણાં મંડળે આજે ગુજરાત સરકારના પાણી પુરવઠા અને સિંચાઈ મંત્રી પરબતભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત કરી હતી. આ મુલાકાતમાં પ્રગતિ લારી-પાથરણાં મંડળના પ્રમુખ તુલસીભાઈ માળી, મંત્રી કનુભાઈ વાલેરા અને સભ્યો રમેશભાઈ ઠકકર, રાજુભાઈ સોનારા, જયેન્દ્રસિંહ સહિત મીના બજારના અગ્રણી વ્યાપારીઓ જોડાયા હતા અને મંત્રીનું અભિવાદન કર્યું હતું.

## એસીબી ટ્રેપમાં પકડાયેલા એસઓજીના કોન્સ્ટેબલની રેગ્યુલર જામીન અરજી રદ

### મોબાઈલ રીપેરીંગના નામે લાંચ માંગનાર કોન્સ્ટેબલને એસીબીએ પકડયો હતો

ગાંધીનગર, તા.૮

એન્ટી કરપ્શન બ્યુરોની ટીમે સેકટર-૨૪માં ટ્રેપ ગોઠવીને ગાંધીનગર એસઓજીના કોન્સ્ટેબલને મોબાઈલ રીપેરીંગના ખર્ચ સ્વરૂપે લાંચ માંગતા પકડી પાડયો હતો. કોન્સ્ટેબલ સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ ૭, ૧૩ (૧) (ધ) તથા ૧૩ (૨) મુજબ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી લેવામાં આવી હતી. આરોપી કોન્સ્ટેબલ હિંમતસિંહ રતનસિંહ રાઓલે ગુજરાત હાઈકોર્ટમાં રેગ્યુલર બેઈલ અરજી કરી હતી. હાઈકોર્ટે કોન્સ્ટેબલ હિંમતસિંહની રેગ્યુલર જામીન અરજી રદ કરી દીધી છે.

### કુડાસણમાં ચક્ષુદાન

ગાંધીનગર, તા.૮

કુડાસણના સ્વ. શ્રી વશરામભાઈ બેચરભાઈ વાઘેલાનું ઉ.વ. ૬૨નું દુઃખદ અવસાન થયે તેઓના કુટુંબીજન સચિનભાઈ વશરામભાઈ વાઘેલાની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન મળેલ છે. આર.એસ. પટેલની પ્રેરણાથી આ ઉમદાકાર્ય થયેલ હતું.

તબીબી સેવા ડૉ. મેઘા અને ડૉ. મુસ્તફા દ્વારા પ્રાપ્ત થઈ હતી. જુસિકાના કાર્યકર દિલીપભાઈ દંતાણી, રાજુભાઈ વાઘેલા, હિતેશભાઈ રાવલે સેવાઓ આપી હતી. અમદાવાદ ચક્ષુબેંક ખાતે ચક્ષુ પહોંચાડવાના કાર્યમાં દિલીપભાઈ દંતાણીએ સેવા આપી હતી.

## Wrold wetlands Dayની ઉજવણી માટે બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ સાયન્સ સીટીની મુલાકાતે

ગાંધીનગર, તા.૮

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બીઝનેસ એૅડમીનીસ્ટ્રેશન (બીબીએ)ના વિદ્યાર્થીઓ દ્વારા વિશ્વ પર્યાવરણ **Wrold wetlands Day**ની ઉજવણી નિમિતે સાયન્સ સિટીની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૭૬ વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિશ્વ આજે ગ્લોબલ વૉમિંગ તેમજ પર્યાવરણની અસમતુલાની સમસ્યાથી પરેશાન છે ત્યારે મેનેજમેન્ટના વિદ્યાર્થીઓને પણ પર્યાવરણની સાચવણી માટે જાગૃતિ લાવવાનું મહત્વપૂર્ણ કાર્ય કરવું પડશે. આજના કાર્યક્રમમાં પર્યાવરણની સમતુલામાં ભીની જમીનની કેટલી મહત્વપૂર્ણ ભૂમિકા છે તે વિદ્યાર્થીઓ સમજયા હતા. સાયન્સ સીટી અમદાવાદના એકિઝકયુટીવ ડાયરેકટર એસ.ડી. વોરાએ કાર્યક્રમ બાબતે વિદ્યાર્થીઓને ઉપયોગી માહિતી આપી હતી. જેમાં તેમણે નદીઓની જાળવણી બંધ બાંધતી વખતે આવતા પર્યાવરણીય પ્રશ્નો તેમજ આ તમામ બાબતોનો કુનેહ પૂર્વક ઉકેલ લાવવાના તેમના અનુભવો વિદ્યાર્થીઓ સમક્ષ વર્ણવ્યા હતા.



આજના દિવસે મુખ્ય વકતા તરીકે ડો. અફરોઝ એહમદ ઉપસ્થિત રહ્યા હતા. જેઓ નર્મદા કંટ્રોલ ઓથોરીટી સાથે ખુબ સક્રિય રીતે જોડાયેલા છે. તેઓશ્રી દ્વારા વિદ્યાર્થીઓને ખુબ ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ બીજા તજજ્ઞ વક્તા તરીકે વન વિભાગ ગુજરાત સરકારના શ્રી સૈયદ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે નર્મદા બંધમાં છેલ્લા ૩૮ વર્ષમાં આવેલ અનેક મુશ્કેલીઓ અને તેને ગુજરાત સરકાર તેમજ તમામ પક્ષકારો અને ખાસ વિસ્થાપિત લોકોના સાથ સહકારથી પરિપૂર્ણ કરવામાં આવી તેની વિસ્તૃત માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમ બાબતે ગુજકોસ્ટનાં એૅડવાઈઝર તેમજ સાયન્સસિટીનાં સિનિયર સાયન્ટિસ્ટ ડૉ. નરોત્તમ સાહુનો સહકાર સાંપડ્યો હતો.

કોલેજ તરફથી મુલાકાતને સફળ બનાવવા આચાર્ય ડૉ. રમાકાન્ત પૃસ્ટીનાં માર્ગદર્શન હેઠળ ડો. આશિષ ભુવા, ધર્મેન્દ્ર રાઠોડ, પ્રો.જાનકી દવે તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સંપૂર્ણ જવાબદારી નીભાવવામાં આવી હતી.

## ગીયોડ મંદિર સામે પેટ્રોલ પંપ પાસેથી ડમ્પરની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૮

હિંમતનગર-ચિલોડા હાઈવે ઉપર આવેલા ગીયોડ અંબાજી મંદિર સામે પેટ્રોલપંપની પાસે ડ્રાઈવરે ડમ્પર મુકયું હતું. આઠ-નવ દિવસ આ ડમ્પર પેટ્રોલપંપ પાસે પડયું રહ્યું હતું. જયારે ડમ્પર લેવા આવ્યા ત્યારે ખબર પડી કે ડમ્પર ગાયબ હતું. રૂ. ૧૨ લાખની કિંમતનું ડમ્પર ઉઠાવી કોઈ વાહનચોરો ફરાર થઈ ગયા હતા. આ મામલે ડમ્પર માલિકે ફરિયાદ આપતા ચિલોડા પોલિસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ૨૧ જાન્યુઆરીએ એક ડ્રાઈવરે હિંમતનગર-ચિલોડા હાઈવે પર ગિયોડ મંદિરની સામે સીતારામ પેટ્રોલ પંપની સામે ડમ્પર પાર્ક કર્યું હતું. આ ડમ્પર મુકીને ડ્રાઈવર ગયો હતો. ૩૦ જાન્યુઆરીએ ડમ્પર લેવા આવ્યો ત્યારે ડમ્પર ગાયબ થઈ ગયું હતું.કોઈ શખ્સો પેટ્રોલપંપ પાસેથી રૂ. ૧૨ લાખની કિંમતનું ડમ્પર ઉઠાવી ફરાર થઈ ગયા હતા. આ મામલે ડમ્પર માલિક મોહીત દિનેશભાઈ પટેલ (રહે. રાણીપ) એ ચિલોડા પોલિસ સ્ટેશનમાં ડમ્પર ચોરી મામલે ફરિયાદ આપતા પોલિસે ગુનો દાખલ કરીને પેટ્રોલ પંપ તથા હાઈવે પરના સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવી આરોપી સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

## પાંચ તાલુકા પ્રજાપતિ સમાજનો રજતજયંતિ સમુહ લગ્નોત્સવ સંપન્ન

ગાંધીનગર, તા.૮

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામનો ૨૫મો રજતજયંતિ સમુહ લગ્નોત્સવ યોગેશ્વર અને વિનાયક કોલ્ડ સ્ટોરેજ દહેગામ ખાતે તા. ૪-૨-૧૮ રવિવારના રોજ વિશાળ જ્ઞાતિ બંધુઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં ૩૭ યુગલોએ પ્રભુતામાં પગલા પાડયા હતા. લગ્નવિધિ બાદ સત્કાર સમારંભ યોજાયો હતો. જેમાં દાતાઓ, મહેમાનોનું અભિવાદન કરાયું હતું. સમાજના પૂર્વ અને વર્તમાન પદાધિકારીઓનું સન્માન કરાયું હતું તેમ પ્રમુખ નારણભાઈ પ્રજાપતિએજણાવ્યું હતું.

### ચિરવિદાય

- સ્વ. ભાટી બાલુબા હેમતુજી, ઉ.વ. ૧૦૦
- સ્વ. બીપીનભારતી દીપુભારતી ગૌસ્વામી, ઉ.વ. ૩૫
- સ્વ. બાબુજી ભીખાજી ઠાકોર, ઉ.વ. ૪૨
- સ્વ. રસીકભાઈ બાબુભાઈ કડવાતર, ઉ.વ. ૨૭
- સ્વ. કાજલ ઉદેસિંહ ઝાલા, ઉ.વ. ૧૮
- સ્વ. શકરીબેન ખોડાજી ઠાકોર, ઉ.વ. ૬૫
- સ્વ. કાનુબેન મંગળાજી ભીલ, ઉ.વ. ૫૭
- સ્વ. શાહ મંજુલાબેન નગીનભાઈ, ઉ.વ. ૭૮